## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

**દરજી કાકા... આ વખતે નવરાત્રીમાં પહેરવા આ પીપીઈ સ્યુટ ફરજિયાત કરે એવું લાગે છે... આમાં લાલ બોર્ડર, પીળા પોપટ અને ગોલ્ડન આભલાની મસ્ત ડિઝાઈન કરવાની છે.**

# ૧૯મી સુધી ગુજરાતમાં અતિભારે વરસાદ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે હજુ આગામી ૧૯મી સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં અતિભારે વરસાદ પડી શકે છે.

રાજ્યના ભાગોમાં લગભગ ૧૨૨ ટકા જેટલો વરસાદ થવામાં છે ત્યારે હજુ પણ વરસાદ થવાની શક્યતા છે. ઘણા ભોગમાં હજુ વરસાદની તાતી જરૂર નથી. આમ છતાં વરસાદ થવાથી જ્યાં વરાપ થઈ નથી ત્યાં તો વાવેતર મોડા થઈ શકે. પરંતુ કેટલાક ભાગોમાં ઉભા કૃષિ પાકો માટે કંઈક અંશે વરસાદ સારો રહી શકે તો વળી કેટલાક કૃષિ પાકોમાં રોગ આવવાથી બગડી પણ જતા હોય છે. મૂળખાઈનો રોગ તેમજ મગફળી જેવા પાકમાં ટપકાનો રોગ અને કપાસમાં ઈયળનો ઉપદ્રવ થતો હોય છે. હવામાન તજજ્ઞોના મતે આ વખતે સમુદ્રી પ્રવાહ લા-લીનોની અસર રહેવાથી અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં ઓક્ટોબર, નવેમ્બર માસમાં વાવાઝોડા વધુ સક્રિય થવાની સંભાવના રહે હજુ ભૂર પવન થયો નથી એટલે હજુ પણ વરસાદની શક્યતા છે. તા. ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરમાં ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગો, અરવલ્લી-સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, બેચરાજી, પાટણ વગેરે ભાગોમાં વરસાદની શક્યતા છે. કચ્છના કેટલાક ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. સપ્ટેમ્બર ૧૨ થી ૧૯ સુધીમાં રાજ્યના ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા રહે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં તેમજ દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્ર દરિયા કિનારાના ભાગોમાં દસ ઈંચ કે તેથી વધુ વરસાદ થવાની શક્યતા છે. ભાવનગર, બોટાદ, જૂનાગઢ, ગીરના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. પંચમહાલના ભાગો, મહિસાગરના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. વડોદરા, આણંદ, અમદાવાદના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે.

ગાંધીનગરના ભાગોમાં માણસા, પ્રાંતિજના ભાગોમાં તેમજ કડીના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં, રાજકોટ તેમજ મધ્ય સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદની શક્યતા છે તેમજ હમણા બે ત્રણ દિવસમાં ૪૦ કિ.મી.ની ઝડપે પવન પણ ફુંકાઈ શકે છે. ઓક્ટોબર તા. ૨૨ થી ૨૫ માં દેશના દક્ષિણ પૂર્વિય તટ પર તેમજ અરબ સાગરમાં વાવાઝોડા થઈ શકે છે. ૨૨ નવેમ્બરની આસપાસ દક્ષિણ ભારતમાં વાવાઝોડાના લીધે ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા રહે. વરસાદી વાવાઝોડાની અસર મુંબઈ સુધીના ભાગોમાં આવી શકે અને ગુજરાતમાં પણ મોસમ પરિવર્તન થઈ શકે. તા. ૧૬ સપ્ટેમ્બર પછી ઝેરી જીવજંતુની દાઝ વધે. તા. ૧૮ મી સપ્ટેમ્બરથી ૮મી ઓક્ટોબર સુધી વરસાદની શક્યતા રહે. તા. ૨૭ સપ્ટેમ્બરથી ૫મી ઓક્ટોબર સુધીમાં હાથીયો ગાજવીજ સાથે વરસે. તા. ૨૨મી સપ્ટેમ્બરથી ૨૫ ઓક્ટોબર વચ્ચે ગરમી પડે અને વરસાદ પણ પડે. મહત્તમ ઉષ્ણતામાન ૩૬ ડિગ્રીથી વધુ થવાની શક્યતા રહે. આ વખતે શિયાળામાં ઠંડી વધુ પડે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીની શરૂઆતમાં સખત ઠંડી પડે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર કલેક્ટર કચેરીના એક નાયબ મામલતદારનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી તંત્રમાં ગભરાટની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સવાર સુધીમાં ૧૧૦ ટકા સિઝનનો વરસાદ થઈ ચુક્યો છે.
- ગાંધીનગર સંતસરોવરમાં બે ગેટ એક-એક ફૂટ ખોલવામાં આવ્યા છે. હાલ ૧૮૦૦ ક્યુસેક સાંજે ૬.૩૦ વાગે પાણીની જાવક થઈ રહી છે.
- ગ્રામીણ વિસ્તારમાં ખાસ કરીને જે વિકાસ પામી રહ્યા છે તેવા ગામોમાં વારંવાર વિજપ્રવાહ ખોરવાતો હોવાથી રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે.
- ગાંધીનગર શહેરમાં પુનઃ વરસાદી માહોલ જામતાં ઠેર ઠેર પાણી ભરાઈ રહેવાની વાતો થકી લોકો મુશ્કેલીને વાચા આપી રહ્યા છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ શહેરભરમાં જોવા મળી રહ્યો છે.
- ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાની સિક્યોરીટી એકાએક ઝેડ વન કેટેગરીમાં મુકાતા આ મુદ્દે પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

# કેવાયસીના નામે અડાલજના યુવકના ખાતામાંથી ૨.૮૮ લાખ ઉપડી ગયા

ગાંધીનગર, તા.૧૨

અડાલજ અંબા ટાઉનશીપ ખાતે રહેતો યુવક ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યો છે. યુવકને પેટીએમ કેવાયસી અપડેટ કરવાનું કહીને ડેબીટ કાર્ડનો નંબર મેળવી તેના એકાઉન્ટમાંથી ગણતરીની મિનીટોમાં રૂ.૨.૮૮ લાખ ઉપડી ગયા છે.

મળતી વિગત મુજબ રહે. ૯૦૦૨ સર્વસ્વ એ, અંબા ટાઉનશીપ સેકટર-૪ અડાલજ ખાતે રહેતા અશ્વિન રમણીકભાઈ ગોહિલ (ઉં.૩૨)છેલ્લા ત્રણ વર્ષથી ત્રિ મંદિર ખાતે ઈલેકટ્રીક વિભાગમાં નોકરી કરે છે. ગત તા.૧૭-૭-૨૦ના રોજ ત્રિ મંદિર ઓફિસ ખાતે હાજર હતા તે દરમિયાન ૧૨.૪૨ વાગ્યના અરસામાં એક મેસેજ આવ્યો હતો.

તેમાં જણાવ્યું હતું કે તમારુ પેટીએમ એકાઉન્ટ કે-વાયસી એકસ્પાયર થઈ ગયેલ છે અને તમારૂ પેટીએમ એકાઉન્ટ ૨૪ કલાકમાં બંધ થઈ જશે તેવો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ યુવક પર બપોરના અરસામાં ફોન આવ્યો હતો. જેમાં હિન્દીભાષી યુવકે એક એપ ડાઉનલોડ કરવાનું કહયુ હતું.જેને યવુકે પેટીએમ કેવાયસી કવીકસપોર્ટ નામની એપ્લિકેશ અને પોટુ એસએમએસ એપ ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ સામેવાળાએ યુવકને પેટીએમ એપ ઓપન કરાવી યુવક પાસેથી યુઝર નેમ અને પાસવર્ડ લીધા હતા. જેથી ડેબીટકાર્ડ નંબર માંગતા યુવકે આપી દીધો હતો.

ઠગ યુવકે બેલેન્સ કરવાનું કહેતા તેણે પોનમાં રૂ.૧૦નું બેલેન્સ કરાવ્યું હતું. ત્યારબાદ એક કલાક પછી યુવકના એકાઉન્ટમાંથી ૯૯ હજારના બે ટ્રાન્જેકશન થઈ ગયા હોવાનો મેસેજ આવ્યો હતો. જેથી યુવકને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. પ્રથમ એનસીઆરપી પોર્ટલમાં ઓનલાઈન ફરીયાદ આપ્યા પછી કોઈ ઉકેલ ન આવતા યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

કોરોના કાળમાં લોકડાઉનના પગલે સ્થગિત રહેલી કોલેજોની વાર્ષિક પરીક્ષાઓ તબક્કાવાર શરુ થઈ ચુકી છે. ગુજરાત યુનિવર્સિટીની ટીવાયબીએની પરીક્ષાનો પ્રારંભ થયો છે. સોશ્યલ ડીસ્ટન્સીંગ અને સેનેટાઈઝરના ઉપયોગ સાથે શરુ થયેલી વાર્ષિક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ મોટ સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સેકટર-૩૦ મુકિતધામ કટ પાસે ટ્રકની અડફેટે બાઈકચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક લેકાવાડા ગામના શામળસિંહ વાઘેલા સેકટર-૭ ખાતે પોતાના સંબંધીને મળીને રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં લેકાવાડા ઘરે પરત જઈ રહ્યા હતા.મળતી વિગત મુજબ તે દરમિયાન સેકટર-૩૦ મુકિતધામ પાસેના કટ થી સામાન્ય આગળ પાછળથી આવી રહેલી અજાણી ટ્રકના ચાલકે શામળસિંહના બાઈક જી.જે.૧૮.એ.ઈ-૨૬૨૦ ને અડફેટે લેતા તેઓ નીચે માર્ગ પર પડી ગયા હતા.

અકસ્મતા સર્જીને ટ્રક ચાલક નાસી છુટ્યો હતો. જેથી તેઓને પગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. તેઓએ અકસ્માતની જાણ ઘરે દિકરાને કરતા તાત્કાલીક અકસ્માતના સ્થળે પહોંચી ગયા હતા અને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ડોકટર દ્વારા ડાબા હાથે ફ્રેકચરનું નિદાન થયું હતું. જયારે બનાવ અંગે ઈજાગ્રસ્તના દિકરા હિતેન્દ્રસિંહે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરની એક ઓળખ તેના લીલાછમ બગીચાઓથી પણ છે. ગાંધીનગર શહેરની સ્થાપનાથી જ અહીં જુદા જુદા સેકટરોમાં બગીચાઓ બન્યા હતા. અન્ય હરવા ફરવાના સ્થળોનો વિકાસ નહોતો થયો ત્યારે વસાહતીઓ માટે બગીચા જ એવા સ્થળ હતા જયાં રીલેકસ થઈ શકાય, હરી ફરી શકાય અને આનંદ પ્રમોદ કરી શકાય પરંતુ કાળક્રમે શહેરના જુના બગીચાઓ બિસ્માર બનતા અસામાજિક તત્વોની અવરજવર અહીં વધી હતી અને વસાહતીઓએ ત્યાં જવાનું બંધ કરી દીધું હતું. જો કે આ બગીચાઓને પુનઃ ધમધમતા કરવા રીનોવેશનની કામગીરી છેલ્લા ત્રણ ચાર વર્ષથી ચાલી રહી છે અને એક પછી એક બગીચાઓને અત્યાધુનિક સાધનો અને સુવિધાઓથી સજ્જ બનાવવામાં આવી રહ્યા છે. સેકટર-૨નો બગીચો પણ અધ્યાધુનિક સાધનો સુવિધાઓથી સજ્જ બન્યો છે. આધુનિક ડિઝાઈન સાથેનો આ બગીચો ખુબ જ સુંદર લાગી રહ્યો છે.

# કલોલમાંથી લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

કલોલ પંચવટી વિસ્તારમાં આવેલા અપૂર્વ બંગ્લોઝના મકાનનં -૫૪ ખાતે લાઈવ ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોનથી સટ્ટો રમાડનાર શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી મોબાઈલ ફોન રોકડ રૂ.૨૧,૫૦૦ મળી કુલ રૂ.૨૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એ.જી. એનુરકાર કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા ટીમના વિજયસિંહ નવલસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલ પંચવટી વિસ્તારમાં આવેલા અપૂર્વ બંગ્લોઝમાં રહેતા સંકેત રમેશભાઈ પટેલ પોતાના રહેણાંક મકાનમાં મોબાઈળ ફોન પર સુપર માસ્ટર આઈ.ડી.થી પોતાના ગ્રાહકોને માસ્ટર આઈડી આપી મોબાઈલ ફોનથી સંપર્કમાં રહીને હાલના સમયે ચાલી રહેલી કેરેબીયન પ્રિમીયર લીગની ટ્રીન બાગો નાઈટ રાઈડર્સ સામે સેટ લુકીયા ઝોકસ વચ્ચેની લાઈવ ક્રિકેટ મેચ પર પૈસાથી હારજીતનો સટ્ટો રમાડે છે. જેથી એલસીબી પોલીસે સ્થળ પર રેઈડ કરીને મકાનમાંથી સંકેત રમેશભાઈ પટેલને ઝડપી પાડ્યો હતો. પોલીસે શખ્સ પાસેથી મોબાઈલ ફોન નં-૧ કિ.૩૦૦૦ તેમજ રોકડા રૂ.૨૧,૫૦૦ મળી કુલ રૂ.૨૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચંદ્રાલા પાસેથી ૨૧ બોટલ દારૂ સાથે બાઈક મળી આવ્યું

ગાંધીનગર, તા.૧૨

ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી ૨૧ બોટલ દારૂ અને બાઈક ઝડપી પાડ્યું છે. બનાવની મળતી વિગત મુજબ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર પોલીસ જવાનો વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર બાજુથી બાઈક ચાલક આવી રહ્યો હતો. પોલીસે તેને રોકવા માટે ઈશારો કર્યો હતો.

પરંતુ તેને બાઈક હંકારી દીધી હતી જેને પગલે પોલીસે તેનો પીછો કર્યો હતો. પરંતુ બાઈક ચાલક ચંદ્રાલા ગામ પાસે મુકીને ભાગી ગયો હતો. પોલીસે પીછો કર્યો હતો. પરંતુ તે પોલીસને થાપ આપી ભાગી છુટ્યો હતો. પોલીસે બાઈક પર રહેલો થેલો ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૨૧ બોટલ મળી આવી હતી. પોલીસે ૨૧ દારૂની બોટલ રૂ.કિ.૧૧, ૫૮૦ અને રૂ.૧૦ હજારનું બાઈક કબ્જે કરી રૂ.૨૧,૫૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર ડેપોથી વિવિધ પાંચ રૂટમાં ૧૦ વૉલ્વો બસો દોડતી થઈ

### કોરોનાના કહેર વચ્ચે લાંબા સમયના અંતે વોલ્વો બસોનુ સંચાલન શરૂ કરાયુ દિવ, સોમનાથ, અમરેલી સુરત અને દ્વારકાના રૂટમાં વોલ્વો બસો દોડતી થઇ

ગાંધીનગર તા ૧૨

કોરોના કહેર વચ્ચે લોકડાઉનમાં લાંબા સમય સુધી બંધ રહેલી એસ ટી બસના પૈડા ફરી માર્ગો પર ફરતા થઈ ગયા છે. ત્યારે તબક્કાવાર એસ ટી નિગમ દ્વારા તમામ રૂટોની બસો શરૂ કરી દેવામાં આવી છે ગાંધીનગર ડેપોમાંથી પણ શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટની બસો શરૂ કરવામાં આવી હતી જયારે હવે વોલ્વો બસોનુ સંચાલન પણ શરૂ કરી દેવાયુ છે. દ્વારકા , સોમનાથ ,દિવ અમરેલી સહીત હવે સુરત રૂટમાં પણ વોલ્વો બસ શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોની એસ ટી બસો દોડતી થયા બાદ હજુ પણ મુસાફરોનો પુરતો ટ્રાફિક મળતો ન હોવાનુ સ્પષ્ટ થયુ છે.એસ ટી ડેપો દ્વારા તબક્કાવાર એસ ટી ની તમામ રૂટમાં દોડતી સલામત સવારીના પૈડા દોડતા કરી દેવાયા છે. પરંતુ હજુ કોરોના ઈફેક્ટના લીધે એસ ટી માં પુરતા મુસાફરો મળતા નથી. જયારે શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસો પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે હવે એસ ટી ની વોલ્વો બસો પણ રૂટમાં દોડતી કરી દેવામાં આવી છે. ગાંધીનગર ડેપોમાં બહારથી આવતી વોલ્વો બસ પણ રૂટ મુજબ દોડી રહી છે. જયારે ગાંધીનગરથી સુરત વચ્ચે બપોરના સમયે ઉપડતી વોલ્વો બસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

અત્યાર સુધી કોરોનાના કહેર વચ્ચે સુરત તરફની વોલ્વો બસ પણ બંધ હતી જયારે મુસાફરોની જરૂરીયાતને ધ્યાને લઇ એસ ટી તંત્ર દ્વારા વોલ્વો બસ સેવા પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર ડેપોમાંથી વોલ્વોનુ સંચાલન શરૂ કરી દેવાયુ છે. જેમાં વિવિધ પાંચ રૂટમાં ૧૦ વોલ્વો બસસેવા પણ દોડતી થઇ ગઇ છે. જેમાં સુરત ઉપરાંત સોમનાથ,દ્વારકા ,અમરેલી, દિવનો સમાવેશ થાય છે.બહારગામથી વોલ્વો બસની સવારી પણ વાયા ગાંધીનગર શરૂ કરી દેવામાં આવી છે. આમ એસ ટી ડેપોમાં લાંબા સમય બાદ વોલ્વો બસ સેવા શરૂ કરતા મુસાફરાને પણ આરામદાયક મુસાફરીનો લાભ મળશે.

# મગોડીના મમૈયા માતાના મંદિરથી ડભોડા સુધી કાચા રસ્તાને પાકો ડામર રોડ બનાવવાની કામગીરીનું ખાત મુહૂર્ત

### ૧૩ જેટલા નવીન પરા વિસ્તારના રહીશોમાં હર્ષની લાગણી

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના મગોડી ગામેથી મમૈયા માતાના મંદિરથી ડભોડા સુધીના કાચા રસ્તાને હવે પાકો ડામર રોડ બનાવવાની કામગીરીનો શુભારંભ અંગે પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય, સક્રિય આગેવાનના ઉમદા પ્રયાસો થકી ખાતમુહૂર્ત કરાયુ હતુ.

ત્રણ કિલોમીટરનો રસ્તાનું કામકાજમાં સક્રિય આગેવાનોમાં મગોડી ગામના સરપંચ કેશાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. વન મોર માઈલ સ્ટોન ક્રિએટેડ મુજબ ગુજરાત દક્ષિણ વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય શંભુજી ઠાકોરની રજૂઆત અને ભલામણથી ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મંજૂર થતાં પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય લલિતસિંહ યાદવના અથાક પ્રયાસોથી રોડનું કામકાજને વધુ વેગ મળે તેવા ઉમદા કાર્ય થકી ગામના આગેવાનોમાં પંકજ પટેલ, મયુર પટેલ, નવીનભાઈ, પંચાયતના સદસ્યો હાજર રહ્યા હતા. ડભોડાના ૧૩ નવીન પરા વિસ્તારમાં રામનગર, યાદવનગર, ઓતાજી છાપરા, આનંદપુરા, સેજી તળાવ, ચાચોર, માલીવાળા, સંગતમાતા મંદિર અને બુગકિયા જેવા જરૂરિયાતવાળા વિસ્તારમાં વર્ષો જૂની રસ્તાની માંગને ધ્યાનમાં રાખી રસપૂર્વક વિકાસના મંત્રને સાર્થક કરવા કટીબદ્ધ રીતે કામકાજને આગળ ધપાવવા નિર્ણયને આવકાર મળી રહ્યો છે. પાકા રોડ મંજૂર કરાવતા ગ્રામજનોને હર્ષ અને રાહતની લાગણી પ્રસરવા પામી છે.

## કંગના રણૌત સંગ્રામમાં સોમનાથ મંદિરની એન્ટ્રી

પ્રભાસ પાટણ,તા.૧૨

ભારતની જાજરમાન અને ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ તથા મર્ણીકર્ણીકા ઘાટ જેવી ઐતિહાસીક ફિલ્મોની સુપ્રસિદ્ધ અભિનેત્રી કંગના રણૌત અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચે તેના ઓફીસની તોડફોડ અંગે જે વિવાદ ચાલી રહ્યો છે. તેમાં દરરોજને દરરોજ નવા નામો ઉમેરાતા જાય છે. આજે સવારે ૯:૩૦ વાગ્યે કંગના રણૌતે સોમનાથ મહાદેવ મંદિર પૂજાનો ફોટા સાથે વધુ એક પ્રહાર કરતાં ટ્વીટ કર્યું કે, સુપ્રભાત દોસ્તો આ ફોટો સોમનાથ મંદિરનો છે, સોમનાથને કેટલાય દરિંદોએ કેટલીયવાર બેરહમીથી ઊજાડ્યું પરંતુ ઈતિહાસ સાક્ષી છે. ક્રૂરતા અને અન્યાય કેયલાય શક્તિશાળી કેમ ન હોય અંતે જીત ભક્તિની થાય છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# દહેગામમાંથી ઘરફોડીયાને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ગ્રામ્ય એલસીબી પોલીસે દહેગામની સોસાયટીમાંથી ઘરફોડ ચોરીમાં સામેલ આરોપીને ઝડપી પાડ્યો છે. આ ઘરફોડીયાએ દહેગામ અને ડભોડા વિસ્તારમાંથી એક-એક તેમજ ભાવનગર વિસ્તારમાં ૫ ઘરફોડ ચોરીને અંજામ આપનાર પોલીસના સંકજામાં આવી ગયો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા. તે સમયે કોન્સ્ટેબલ ભવાનીસિંહ તેમજ રવિન્દ્રસિંહને આરોપી અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે દહેગામની રામેશ્વર સોસાયટીના મકાનમાંથી ૨૦ વર્ષિય જુગલસીંગ માયાસીંગ ખીચ્ચીને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની અંગજડતી લેતા તેની પાસેથી ચાંદીના બે કડા અને નાની બાળકની હેરો મળી આવી હતી. પોલીસે ઝીણવટપૂર્વક તપાસ કરતા ફેબુઆરી માસમાં વલાદ ગામ ખાતે દહેગામના ચિસકારી ચોકડી નજીક આવેલા એક સોનીની દુકાન તોડી તેમાંથી દાગીનાની ચોરી કરી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આરોપીએ ભાવનગર ખાતે પણ પાંચ ચોરીને અંજામ આપ્યો હોવાનું જણાવ્યું છે.

સાગરીત ભરતસીંગ ઉર્ફે મંગલસીંગ ચંપસીંગ ભોડ (રહે-ખેરાલુ) સાથે મળી ચોરી કરી હોવાનું કહ્યું હતું. જયારે